ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી

તા. ૦૭-૦૬-૨૦૨૨

- **તલાટીની ફીક્સ પગારની ૩૪૦૦ જગ્યા માટે ૧૭ લાખ અરજી એ ભાજપના રોજગાર આપવાના દાવાનો ફુગ્ગો ફોડી નાખ્યો : પરીક્ષા ફી પેટે ૧૯ કરોડ રૂપિયા જેટલી અધધ રકમ વસુલાઈ - ડૉ. મનિષ દોશી**
- **મોંઘુ શિક્ષણની ભેટ આપનાર ભાજપની ભ્રષ્ટ સરકારમાં ગુજરાતના યુવાનોના ભવિષ્ય સાથે ચેડા થઈ રહ્યાં છે.**

ભાજપ સરકાર ચુંટણી સમયે સરકારી ભરતીની જાહેરાત કરીને દર પાંચ વર્ષે ગુજરાતના લાખો શિક્ષિત બેરોજગાર યુવાનો સાથે રમત રમી રહી હોવાનો આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, તલાટીની ફીક્સ પગારની ૩૪૦૦ જગ્યા માટે ૧૭ લાખ અરજી એ ભાજપના રોજગાર આપવાના દાવાનો ફુગ્ગો ફોડી નાખ્યો છે. રાજ્યમાં સરકારી ચોપડે ત્રણ લાખ કરતા વધુ શિક્ષીત બેરોજગાર નોંધાયા છે, ૩૦ થી ૩૫ લાખ શિક્ષીત બેરોજગારો ન નોંધાયેલ છે ત્યારે મોંઘુ શિક્ષણની ભેટ આપનાર ભાજપની ભ્રષ્ટ સરકારમાં ગુજરાતના યુવાનો બેરોજગારીની સમસ્યાનો સામનો કરી રહ્યાં છે. સરકારી નોકરી મેળવવાની ઈચ્છા સાથે લાંબા સમયથી લાખો યુવાન મહેનત કરે છે પરંતુ ભાજપ સરકાર તેમના ભવિષ્ય સાથે રમત રમી રહી છે. વર્ષ ૨૦૧૮માં તલાટી કમ મંત્રીની ભરતી પ્રક્રિયામાં ૨૯૩૭ જગ્યા માટે ૩૫ લાખ યુવાનોએ અરજી કરી હતી. જેમની પાસેથી પરીક્ષા ફી પેટે ૨૦ કરોડ જેટલા અધધ રૂપિયા વસુલ કરવામાં આવ્યા જે ભરતી રદ કરતા પરત કરવામાં ભાજપ સરકારે ઠાગાઠૈયા કર્યા હતા. ડીજીટલ ગુજરાતની વાતો કરતી ભાજપ સરકારે ૧૧૦ રૂપિયાની ફી પાછી મેળવવા માટે ૭૦૦ રૂપિયા ખર્ચીને યુવાનોને રાજ્યની જુદી જુદી જીલ્લા પંચાયત ધક્કા ખાવા મજબુર કર્યા હતા. પરીક્ષા યોજાય તો પરિણામ જાહેર થતા નથી, પરિણામ જાહેર થાય તો અનેક ગેરરીતિઓ સામે આવે છે. સરકારની નીતિથી સામાન્ય મધ્યમવર્ગના પરિવારના લાખો યુવાનોના સમય, શક્તિ અને નાણાં ખર્ચાશે અને ભરતી ક્યારે થશે તેની કોઈ નિશ્ચિત તારીખ નથી. તલાટી ભરતી માટે ૧૫ - ૧૫ લાખ રૂપિયામાં રાજ્યવ્યાપી ભરતી કૌભાંડ પણ ભાજપ સરકારના ભ્રષ્ટ વહીવટમાનું એક ઉત્તમ ઉદાહરણ સમગ્ર ગુજરાતના યુવાનોએ અનુભવ્યું છે.

ગુજરાતમાં વિવિધ સરકારી ભરતી પ્રક્રિયામાં યેનકેન પ્રકારે વિલંબ થઈ રહ્યો છે. ચાર-ચાર વર્ષ સુધી જાહેરાત પછી પરીક્ષાઓ યોજાતી નથી. ગુજરાતમાં ૧૭,૨૬૫ ગ્રામપંચાયતમાં ૭૧૩૩ તલાટીની જગ્યાઓ સામે માત્ર ૩૫૦૦ જેટલા જ તલાટી હાલમાં કામગીરી કરી રહ્યા છે. એટલે કે ૫ ગામ વચ્ચે ૧ તલાટીની કામગીરી શું આ રીતે ગતિશીલ બનશે ગુજરાત ? શિક્ષક વિનાની શાળા, ગ્રામસેવક વિનાનું ગામ, ડોકટર વિનાનું દવાખાનું, શાળા વિનાનું ગામ, આ તે કેવું ગતિશીલ ગુજરાત ? આઉટ સોર્સિંગ - કોન્ટ્રાકટ એજન્સીઓની સરકારના મંત્રી- સંત્રી સાથેની ગોઠવણના લીધે આઉટ સોર્સિંગ- કોન્ટ્રાકટ નામે ગુજરાતના ૯.૫ લાખ જેટલા યુવાન - યુવતીઓનું મોટા પાયે આર્થીક શોષણ થઈ રહ્યું છે. ત્યારે ભાજપ સરકાર ગુજરાતના લાખો યુવાનોની કારકિર્દી અને જિંદગી સાથે રમત રમવાનું બંધ કરે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા ૧૫ વર્ષમાં વિવિધ સરકારી ભરતી જેવી કે વિદ્યા સહાયકો માટે ટેટ ૧, ટેટ ૨, લોકરક્ષક દળ, બિનસચિવાલય કલાર્ક સહિતની પરીક્ષામાં વારંવાર પેપર ફૂટવાની ઘટનાઓ સામે આવી છે. 'વાંચે ગુજરાત'ની જાહેરાત કરતી ભાજપ સરકારે ૧૫ વર્ષથી શાળા કોલેજ જાહેર વાંચનાલયમાં લાયબ્રેરીયનની ભરતી કરવામાં આવતી નથી. 'રમશે ગુજરાત'ની વાતો કરતી ભાજપ સરકારમાં શારીરિક શિક્ષણના શિક્ષકો/અધ્યાપકોની ૧૫ વર્ષથી ભરતી કરવામાં આવી નથી. શું આ રીતે રમશે ગુજરાત ? તલાટી ભરતી માટે ૧૫ - ૧૫ લાખ રૂપિયામાં રાજ્યવ્યાપી ભરતી કૌભાંડ પણ ભાજપ સરકારના ભ્રષ્ટ વહીવટમાનું એક ઉત્તમ ઉદાહરણ સાબિત થયું છે. મલ્ટીપરપઝ હેલ્થવર્કર અને નર્સિંગ સહીત મેડિકલ - પેરામેડીકલની જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા ન થવાના કારણે કોરોના મહામારીમાં લાખો નાગરીકો હેરાન પરેશાન થઈ ગયા. ગ્રામસેવકની ભરતીની જાહેરાતને ચાર વર્ષ થયા છતાં હજુ સુધી ભરતીના ઠેકાણા નથી. ટેટ-ટાટ પાસ થયેલ ૫૦,૦૦૦ જેટલા યુવાનો - યુવતીઓને શિક્ષક તરીકે ભરતી પ્રક્રિયા હાથ ન ધરીને અન્યાય થઈ રહ્યો છે જેની ગંભીર અસર ગુજરાતના શિક્ષણ પર પડી રહી છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા